

# શ્રી મંદિરજી માહાત્મ્યદર્શન સભા

૮ જાન્યુઆરી ૨૦૨૦





૮ જાન્યુઆરી, ૨૦૨૦ની સવારે શ્રી મંદિરજી માહાત્મ્યદર્શન સભા મહોત્સવના ભવ્ય સભામંડપ 'દિવ્ય દર્શન'માં યોજાઈ. ઈ.સ. ૧૯૬૫માં અટલાદરા ખાતે શાસ્ત્રીજી મહારાજ જન્મ શતાબ્દી પ્રસંગે યોગીબાપાની આજ્ઞાથી જશુભાઈ સાહેબે વલ્લભવિદ્યાનગરના ૨૫૦ યુવાનોને સફેદ વસ્ત્રોમાં સજ્જ કરી સેવામાં જોડી દીધા હતા તે ભક્તિભર્યા પ્રસંગની સ્મૃતિ કરાવતા ગુરુસભાના સેંકડો યુવાનોએ સાહેબદાદાને સ્વાગતભાવ સાથે મંચ પર પધરાવ્યા. આ ભવ્ય દર્શન ગુરુભક્તિનું દિવ્ય વર્ણન કરી રહ્યું હતું.

માહાત્મ્યદર્શન સભાનો શુભારંભ દીપપ્રાગટ્ય દ્વારા થયો. ભારત, અમેરિકા, ઇંગ્લેન્ડ, કેનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ આદિ દેશોનાં પ્રતિનિધિ યુવક અને યુવતીઓ દ્વારા મંચ પરથી દીપ પ્રાગટ્ય થયું. આ દરમિયાન સંતોએ શ્લોકગાન કરી વાતાવરણમાં દિવ્યતા પ્રસરાવી.



યુવાનો પ્રેરક (IND), મયંક (CAN), જીમી (UK), હેતુ (NZ), મિહિર (USA) દ્વારા દીપપ્રાગટ્ય



યુવતીઓ ક્ષમા (AUS), સલોની (USA), સોનલ (CAN), આશકા (UK), હીરવા (IND) દ્વારા દીપપ્રાગટ્ય



યુવાનો નીલ (USA), આર્ષ (IND), નયન (AUS), યશ (CAN), આનંદ (UK) દ્વારા દીપપ્રાગટ્ય





આ દિવ્ય પ્રસંગે મંચ પર ઉપસ્થિત સંતભગવંત સાહેબજી સહિત ગોસ્વામી ૧૦૮ પ.પૂ. વ્રજરાજકુમારજી મહોદયશ્રી, ગુરુજી-પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી, પ.પૂ. દિનકરભાઈ, પ.પૂ. અધ્યાત્માનંદ સ્વામીજી, સદ્‌ગુરુ સંતો અને આદરણીય વડીલોની દિવ્ય સંનિધિમાં સૌ પ્રથમ સાધુ પૂ. દિલીપભાઈએ સ્વાગત પ્રવચન કરી શ્રી મંદિરજીના નિર્માણમાં અર્પણ થયેલ સંતો અને ભક્તોની ભીડાભક્તિ અને સમર્પણભક્તિની હૃદયસ્પર્શી વાતો કરી.



પૂ. દિલીપભાઈ

કૉલેજમાં ભણતા યુવાન જશુભાઈ સાહેબે ગુરુદેવ યોગીજી મહારાજની આજ્ઞાથી વલ્લભવિદ્યાનગરમાં યુનિવર્સિટી હૉસ્ટેલની રૂમ નંબર ૧૪માં સર્વ પ્રથમ મંદિર કર્યું અને તે આજ્ઞાપાલનના ફળસ્વરૂપે યોગીબાપાના આશીર્વાદથી અનેક મંદિરો સર્જાયાં, તે પૈકીનું એક મંદિર એટલે સંતો-ભક્તોના સમર્પણથી તૈયાર થયેલ બ્રહ્મજ્યોતિનું નૂતન મંદિર ! પ્રાસંગિક વક્તવ્યમાં ગુરુસભાના યુવાનો હરમિતભાઈ અને હાર્દિકભાઈએ સંતભગવંત સાહેબજીની ગુરુભક્તિભરી આ જીવનયાત્રાને ચોટદાર શૈલીમાં વર્ણવી.



સાહેબદાદા પ્રતિ પ્રેમભાવ વ્યક્ત કરતા પ.પૂ. વ્રજરાજકુમાર મહોદયશ્રી

પૂ. અશ્વિદાદાએ આશીર્વાદ વરસાવ્યા અને શ્રી મંદિરજીના નિર્માણ અર્થે વહેલી સંતભગવંત સાહેબજી અને સૌ સંતો-ભક્તોની સમર્પણ ભક્તિનું મનનીય માહાત્મ્યદર્શન કરાવ્યું. (તેઓના આશીર્વાદ આ જ અંકના 'અનુપમની હે અમૃતધારા' વિભાગમાં સમાવ્યા છે.)



હરમિતભાઈ અને હાર્દિકભાઈ પર વરસતી સાહેબજીની પ્રસન્નતા



સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા



સતીશભાઈ ચતવાણી



ડૉ. વીરેન્દ્રભાઈ પટેલ



દીપેનભાઈ રુગાણી

અનુપમ મિશનના સદ્‌ગુરુ સંતોના સંતભગવંત સાહેબજી પ્રત્યેના સ્વામી–સેવકભાવ અને શ્રી મંદિરજીના નિર્માણ પાછળના પરહિતકારી ભાવનું વર્ણન સતીશભાઈ ચતવાણીએ કર્યું. ‘સ્વભાવ ઓગાળવાનું અને મહિમા વધારવાનું માધ્યમ એટલે મંદિર !’ એમ જણાવી સાહેબદાદાના મંદિરજી નિર્માણના કલ્યાણકારી કાર્યનાં માહાત્મ્ય ડૉ. વીરેન્દ્રભાઈએ વર્ણવ્યાં. દીપેનભાઈ રુગાણીએ પરદેશના ભક્તો અને ખાસ કરીને ઑસ્ટ્રેલિયાના મુક્તોની બ્રહ્મજ્યોતિ, મોગરીમાં મંદિર નિર્માણ અર્થે વહેલી સેવાભાવનાનાં વર્ણન કરી સૌની ભક્તિને બિરદાવી. એક અર્થમાં બ્રહ્મજ્યોતિનું આ નૂતન મંદિર દેશ અને પરદેશમાં વસતા સૌ અક્ષરમુક્તોને ભક્તિના માધ્યમથી જોડતી કડી બની રહ્યું, સામૂહિક આધ્યાત્મિક ઉત્થાનનું અપૂર્વ માધ્યમ બની રહ્યું. આ પ્રસંગે ઉપસ્થિત સંતો તથા મહાનુભાવોના વરદ હસ્તે મહોત્સવનાં નૂતન પ્રકાશનો મુક્તાર્પણ પામ્યાં. વળી, સભામાં પધારનાર સર્વે સંતોનાં સન્માન કરી અનુપમ મિશન દ્વારા કૃતજ્ઞતાપૂર્ણ વંદના અર્પણ થઈ.



પ.પૂ. અધ્યાત્માનંદ સ્વામીજી



વૈષ્ણવાચાર્યશ્રી ગોસ્વામી ૧૦૮
પ.પૂ. વ્રજરાજકુમાર મહોદયશ્રી



પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી

આ સભાની પૂર્વ સંધ્યાએ પ્રસ્તુત ‘નવધાભક્તિ વંદના’ સાંસ્કૃતિક કાર્યક્રમમાં અર્પણ થયેલી ભક્તિની અને ભક્તોની ભાવનાની સરાહના પ.પૂ. અધ્યાત્માનંદ સ્વામીજીએ કરી. પ્રભુના પ્રગટ સાકાર સ્વરૂપ સાહેબદાદા સાથે એકરૂપતા સાધી અક્ષરધામ પ્રાપ્ત કરવાના ભાવને આત્મસાત્ કરવાની વાત કરી સાહેબદાદાના નિરામય દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થનાઓ ધરી.

'વિનમ્રતા, પ્રેમ અને સહજતાનું સાક્ષાત્ સ્વરૂપ એટલે સાહેબદાદા !' આ ભાવ પ્રગટ કરી વૈષ્ણવાચાર્ય ગોસ્વામી ૧૦૮ પ.પૂ. વ્રજરાજકુમાર મહોદયશ્રીએ મંદિર નિર્માણ એ સંસ્કૃતિ નિર્માણ અને જતનનું શ્રેષ્ઠ માધ્યમ છે, તેમ જણાવી હિન્દુ સનાતન ધર્મના સંસ્કારો જાળવવા આશિષ પાઠવી.

પ.પૂ. મુકુંદજીવન સ્વામીજીએ આશીર્વાદમાં 'યોગીબાપા, કાકાજી, પપ્પાજી અને સૌ સ્વરૂપોના રાજીપાનું પાત્ર સાહેબદાદા છે. સાહેબ સાથે જોડાયેલ એક-એક મુક્ત લાખો બરાબર છે.' તેમ જણાવી સંબંધવાળામાં દિવ્યભાવ અખંડ રહે ને સૌ બ્રહ્મભાવમાં જીવતા થઈ જાય તેવી પ્રાર્થનાઓ કરી.

'આપણા જીવનનો ધ્યેય હાંહાંગડથલરૂપ સેવાથી સંતોની પ્રસન્નતા મેળવવી એ છે. આ મંદિર આવી સેવા કરવાનું અનુપમ માધ્યમ બન્યું. સંતોની આજ્ઞા પાળી, ભક્તોને નિર્દોષ અને દિવ્ય માની ભગવાનને રાજી કરવા સર્વ કાર્ય કરવાની પ્રેરણા આ મંદિરનિર્માણથી સૌને પ્રાપ્ત થઈ.' તેવા સાહેબદાદાએ રૂડા આશીર્વાદ વરસાવ્યા.



અક્ષરધામના આનંદની અનુભૂતિ સાથે પ્રથમ સભા વિરામ પામી.

◆